**ક્રિમી.કેસ નંબર :   ૨૩૯૭૭/૨૦ ના કામે આંક :૧ લગત હુકમ**

કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે *(૧)* નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા "ડેડવુડ" પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. જે અનુસંધાને હાલના આ કેસની રેકર્ડની હકીકતો જોતા આ કામે આરોપી/આરોપીઓ ઉપર વોરંટો બજતા નથી.  આરોપી/આરોપીઓ ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ  બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ  આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે **AIR 2012 SC 3217 Hon'ble Judges:H.L.Dattu and Chandramauli Kr.Prasad JJ. Ranjan Dwivedi Versus C.B.I., Through Th4e Director General with Ac. Sudevananda Avadhuta Versus C.B.I., Through The Director General** ના ચુકાદામા ઠરાવેલ છે કે ક્રિમીનલ કોર્ટોએ ઉચિત કેસોમા ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમા વાપરવા જોઈએ, જેમા નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે, **The criminal c4ourts should exercise their available powers, such as t૬૧૨૨hose under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.**

*જે સબંધે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો* **Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom)** *ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,* **Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certainsituations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to.** "નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **AIR 2009 SC 1822 Hon'ble Judges:D.K.Jain and R.M.Lodha JJ. Vakil Prasad Singh Versus State Of Bihar** વંચાણે લેતા તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, **It is, therefore, well settled that the right to speedy trial in all criminal persecutions is an inalienable right under Art. 21 of the Constitution. This right is applicable not only to the actual proceedings in court but also includes within its sweep the preceding police investigations as well. The right to speedy trial extends equally to all criminal prosecutions and is not confined to any particular category of cases. In every case, where the right to speedy trial is alleged to have been infringed, the court has to perform the balancing act upon taking into consideration all the attendant circumstances, enumerated above, and determine in each case whether the right to speedy trial has been denied in a given case.**

**25 Where the court comes to the conclusion that the right to speedy trial of an accus4ed has been infringed, the charges or the conviction, as the case may be, may be quashed unless the court feels that having regard to the nature of offence and other relevant circumstances, quashing of proceedings may not be in the interest of justice. In such a situation, it is open to the court to make an appropriate order as it may deem just and equitable including fixation of time frame for conclusion of trial.**

જે ચુકાદાની હકીકતો જોતા પણ આ કામે આરોપીના બંધારણીય હકોનો ભંગ થતો હોવાનુ જણાય છે.  આ જ સબંધે  નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો **State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents.** ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે **Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court.**

તથા ઈબ્રાહીમ લાગા વિ. ગુજરાત રાજય ૧૯૭૧ પેજ નં.૧૯૪૮ ના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા પણ હાલના કેસમા સ્ટોપ પ્રોસીડીંગ કરવુ ઉચીત જણાય છે.  Madras High Court The State (Tamil Nadu) vs Veerappan And Ors. on 24 March, 1980  Equivalent citations: AIR 1980 Mad 260

**Coming now to these appeals, we might not**

જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપી/આરોપીઓને હાજર રખાવી શકેલ ન હોઈ  હાલના કામે આરોપી/આરોપીઓને વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે આરોપી/આરોપીઓને હાજર રખાવેલ નથી.

કલમ સી.આર.પી.સી. કોડની કલમ ૨૫૮ તથા કલમ ૩૦૦ જોવામા આવે તો ભવિષ્યમા આરોપીને ફરીયાદ પક્ષ રજુ કરે અથવા તો હાજર થાય ત્યારે કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી કાર્યવાહી કરવાને કોઈ બાધ રહેશે નહી અને કેસ ફરી શરૂ કરી શકાય છે.

નામદાર સુપ્રિમ કોર્ટ એ . આઈ.આર. ૧૯૮૮ સુ . કો.૭૦૯ માધવરાવ જે સી ધીયા વિરુ દ્ધ  શં ભ ાજીરાવ સી.અન્જરે ના ચુ ક ાદાનો અભ્યાસ કરતા પારા–૭ મા ઠરાવે લ,છે કે ,

15. In State of Madh. Pra. v. Kaluthawar, 1972 Cri LJ 1639, a Division Bench of the Madhya Pradesh High Court observed as follows:

"It was the duty of the prosecution to make necessary arrangements for the production of its witnesses.... The Police must always remember that it has got a duty to the court and they cannot just send a challan and think that the rest will be done by the court.When nobody appeared in t he court to inform what the reason was for non-appearance of the witnesses, the court could legitimately come to the conclusion that

the police was not very serious in prosecuting the offence which was a minor one. Under Section 245, the Magistrate can record an order of acquittal if there is no evidence to hold the accused guilty. only has found him not guilty.

On the question as to whether the Magistrate can acquit an accused at all under Section 251A (11), Cr. P. C., if the prosecution failed to produce their witnesses, a Division Bench of the Gujarat High Court observed in State of Gujarat v. Bava Bhadya (1962)'2 Cri LJ 537 (2), as follows:

Madras High Court The State (Tamil Nadu) vs Veerappan And Ors. on 24 March, 1980 Equivalent citations: AIR 1980 Mad 260

Coming now to these appeals, we might note here that the offences with which the respondents-accused have been charged are offences under Sec. 4 (1) (b) of the Tamil Nadu Prohibition Act, and those prosecutions were launched nearly four years ago. Furthermore the prosecution had not, in spite of notices, attempted to produce the witnesses and in fact were quite non-cooperative in their attitude. In view of those circumstances, while pointing out that the acquittal of the respondents accused in the circumstances of these cases is not proper, inasmuch as the court had not discharged itsduty as indicated by us as above, we do not want to interfere with that acquittal at this length of time and hence we dismiss these appeals.

સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઘ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી. સદર કામે કેસનો પ્રકાર જોવામાં આવે તો પ્રોહીબીશન એકટનો ગુનો છે અને કાયદામાં સુધારા પહેલાનો ગુનો હોય ગુનો બન્યો ત્યારે સજાની જોગવાઈ જુના એકટ મુજબની હોય અને એ એકટમાં તમામ પ્રકારના ગુનામાં એકસરખી જ સજાની જોગવાઈ છે. અને કોવોન્ટીટ ના પ્રકારથી સજાની જોગવાઈમાં વધારા કે ઘટાડાની જોગવાઈ ન હોય વધુમાં જુના પ્રોહી એકટનો કેસ હોય પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર પંચો પો.સ્ટે ના રેગ્યુલર પંચો હોય તેમ જણાતું હોય ભવિષ્યમાં પણ સ્વતંત્ર સાહેદો થી રીકવરી પુરવાર થવાની શકયતા ઓછી જણાય છે વધુમાં લાંબા સમયથી આરોપી મળી આવતા ન હોય અને કેસનો પ્રકાર જોતા તથા કેસના વાસ્તવિક સંજોગો ઘ્યાને લેતા ,

તમામ સંજોગો ઘ્યાને લેતા આરોપીની મળી આવવાની શકયતા નહીવત રહેલ હોય સમન્સ ટ્રાયલ કેસ હોય ક્રિ. પ્રો.કોડની કલમ ૨૫૬,૨૫૮ અન્વયે સ્ટોપ પ્રોસીડીગ કરવામાં આવે છે.

અમદાવાદ
તા.૧૨/૧૧/૨૦૨૨

(જે.એસ.શાહ)
દસમી મેટ્રો કોર્ટ
અમદાવાદ